ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

આવ્યો સમય વિચારવાનો, કેમ વાર લાગે છે?
'આર્થિક-મર્યાદા' એ જ ઉત્તમ વિચાર લાગે છે,
ડર લાગે છે સૌને શ્રી આંબેડકર આમન્યાનો -
હવા બધા સમાજને 'અનામત' ભાર લાગે છે..

હાઈકુ

મત થાળીમાં,
પિરસાય પેકેજ -
આજા, ફસાજા..
(બિહારમાં - મત-રમત)

ટટળાવી ને -
પછી ખોળે લેવાનો -
ખેલ્યો છે દાવ?!
('અનામત' ની રાજ-રમત)

### ચિંતન

**નદી તીરે ચ યે વૃક્ષાં પર ગેહેષુ કામીની । મંત્રી હીનાશ્ચ રાજાનઃ નશ્યન્ત્યન્ત્ય સંશયં ॥**

નદીના કાંઠે વિકાસ પામેલું વૃક્ષ, પારકાના ઘરે ગયેલી પત્ની-સ્ત્રી, મંત્રીઓ અને સલાહકાર વિનાનો કે (-અથવા કોઈની સલાહ ન માનતો - અવગણના કરતો) રાજાનો ઝડપથી નાશ થાય છે.

થોડા સમય પહેલાં જયારે 'કેદારનાથ' પાસે વાદળ કે ડેમ ફાટ્યો ત્યારે આપણે જોયું કે નદી કાંઠાના વૃક્ષો જ નહીં સિમેન્ટ-કોંક્રીટનાં મોટાં મોટાં મકાનો પણ તણાઈ ગયાં. નદી કાંઠાનો એક આનંદ છે પણ સાથે જોખમ પણ છે.

કેટલાક રાજાઓ પોતાના પ્રધાનશ્રીઓને પણ ગૌણ બનાવી બધા જ નિર્ણય એકલા જાતે જ કરે છે કોઈની સલાહ-સૂચન લેતા નથી-માનતા નથી. એમના અહમ્ - દંભથી કયારેક મોટું નૂકશાન થઈ શકે અને વિનાશ પણ થઈ શકે છે.

મંત્રી-પુરોહિત-સલાહકારોની સલાહ જાણ્યા પછી પૂર્વાચલ સંબંધનો વિચાર કરી નિર્ણય ભલે પોતાને યોગ્ય જણાય તે લેવો.

### સુવિચાર

- નિસાસાની ચાદર હું વણતો નથી, વેરાની મંત્ર હું ભણતો નથી,
  વસંતમાં વિશ્વાસ રાખ્યો છે, કદી તૂટેલા પાન હું ગણતો નથી - **જનકલ્યાણ**
- રસ્તો તમને જયાં લઈ જાય ત્યાં જવાને બદલે તમે જાતે જ રસ્તો નક્કી કરો - **એસ. ભટ્ટાચાર્ય**
- 'ઘાંટાઘાટ' એ વાટાઘાટનું જ તોફાની બાળક હોય છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- સહકાર, સમજણ, સમર્પણ, ત્યાગ, પ્રેમ, હૂંફ, નિઃસ્વાર્થ ભાવ પ્રગટે ત્યારે જ
  દાંપત્ય જીવનની લાલિમાનું તેજ પ્રગટે છે - **ડો. રેખા ભટ્ટ**
- 'મોહ'નું છળ ત્યાજવું સહેલું નથી, ઝરણા જેવું થવું સહેલું નથી,
  જયાં ચાલતી હોય પ્રશંસા તમારી, ત્યાં થી ચાલ્યા જવું સહેલુંન થી - **મનહર મોદી**
- હીરો અને સોનું પોતોપોતાના આકાર પકડી રાખવાનો દુરાગ્રહ રાખે તો વીંટી બનાવી જ ન શકાય
  **- ડો. ચંદ્રકાન્ત મહેતા**

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ વિદ્યાર્થીઓ, વેપારીઓ, ખેડૂતો, સ્ત્રીઓ-યુવાનો થોડીક મુશ્કેલી-આપત્તિ-નિષ્ફળતા આવી પડે કે તરત પંખા અને તળાવ, કેનાલ-કેરોસીન શોધવા નીકળી પડે છે. કોઈ નિષ્ફળતા-મુશ્કેલી કાયમી નથી હોતી અને આપણાંથી વધારે દુઃખી લોકો પણ આ દુનિયામાં ખૂશ-મિજાજથી જીવે છે એમને જોઈ આશ્વાસન લઈ સન્માન અને હિંમતથી જીવવું જોઈએ.

સસલાંઓની સભા મળી. બધાં ડરપોક અને ભયભીત હતાં થોડોક અવાજ થાય અને નાસભાગ શરૂ. યુવાન નેતાએ ઠરાવ પસાર કરાવ્યો. આવું ભીરૂ અને ભયગ્રસ્ત જીવન જીવવા કરતાં ચાલો આપણે બધાં 'સામુહિક આત્મહત્યા' કરી ભગવાન સામે વિરોધ નોંધાવીએ.

બધાં તળાવ કાંઠે, રાત્રે ગયાં. તળાવ કાંઠે કેટલાંય દેડકાં ડ્રાઉં-ડ્રાઉંનું સંગીત રેલાવી કોઈ ઉત્સવમાં મશગૂલ હતાં. ત્યાં સસલાંનાં ટોળાંનો પગરવ સાંભળી બધાં તળાવમાં કૂદી પડ્યાં. શાંતિ છવાઈ ગઈ...

એક વૃદ્ધ સસલો બોલ્યો. તમે જોયુંને ભાઈઓ ભય-મુશ્કેલી-દુઃખ-આપત્તિઓ બધાને આવે છે. એનો સામનો કરવો જોઈએ. સ્વબચાવ તો સૌ કોઈ કરે જ છે આ દેડકાં તો આપણથી પણ વધારે ભીરૂ નથી શું?

# મૂઠી ઊંચેરા લોકનેતાની વિદાય : મૃત્યુ મરી ગયું રે લોલ !

## તંત્રીસ્થાનેથી....

રાજયના પૂર્વ નાણામંત્રીઓ કે પુરવઠા મંત્રીઓ પૈકીના કોઈ નેતા નિવૃત્તિના ત્રણ દાયકા પછી પણ લોકજીભે ટકી શક્યા હોય તો એ ચમત્કાર જ ગણાવો જોઈએ. સનત મહેતા પદ પરથી ઊતરી ગયા પછી પણ ગુજરાતની પ્રજાને યાદ રાખવા લાયક લાગ્યા હોય તે એનું કારણ એમની અભૂતપૂર્વ લોકનિષ્ઠા છે. તેથી આજે જયારે નેવું વટાવી ચૂકેલા અને ચારેક મહિના પૂર્વે ઉંમરના દસમા દાયકામાં પ્રવેશી ચૂકેલા સનત મહેતા ઓચિંતી જ એક્ઝિટ મારે છે ત્યારે એ સમાચાર સાંભળનાર પ્રબુદ્ધ નાગરિકનું હૈયું પણ એકાદ થડકારો ચૂકી ન જાય તો જ નવાઈ. સનત મહેતા નરેન્દ્ર મોદી કે માધવસિંહ સોલંકી જેવા લોકપ્રિય નેતા નહોતા છતાં એમને 'લોકનેતા' કહી બિરદાવવાનું મન એટલા કારણસર થાય કે એમના જેટલી લોકનિષ્ઠા વર્તમાન નેતાઓમાં દીવો લઈને શોધવા નીકળતાં પણ જડે કે કેમ તે પ્રશ્ન છે. એ કોઈ 'મેજર કમ્યુનિટી' પર આધારિત નેતા નહોતા. એમણે પોતાના રાજકીય જીવન દરમિયાન કોઈ સ્પષ્ટ કહી શકાય એવી કૉન્સ્ટિટયુઅંસી - મતબેંક કે મત વિસ્તાર પણ નહોતો બનાવ્યો. વડોદરાની પ્રજાએ એમને પ્રજાસમાજવાદી પાર્ટીના ઝૂંપડીના નિશાન પર વડોદરા નરેશ સામે ચૂંટણી લડતા પણ જોયા છે અને કોંગ્રેસના નિશાન પર ભારતીય જનતા પાર્ટીના તરવરિયા તોખાર મકરંદ દેસાઈ સામે ઝઝૂમતા પણ જોયા છે. પરંતુ એ એકલા વડોદરાના નેતા નહોતા. એ સુરેન્દ્રનગરની બેઠક પરથી લોકસભાનું પ્રતિનિધિત્વ પણ કરી શક્યા હતા. ગુજરાત આખું એમનો મતવિસ્તાર જ નહીં ચેતોવિસ્તાર - 'મન વિસ્તાર' પણ હતું. એમણે મજૂરનેતા તરીકે શરુ કરેલી કારકિર્દી નવા રાજકારણીઓ માટે રૉલ મોડલ બની શકે એવી હતી, તો વળી માધવસિંહ સોલંકી જેવા વિચક્ષણ મુખ્યમંત્રીના 'નંબર ટુ' બની પ્રામાણિક મતભેદપૂર્વક ધાર્યા નિશાન પાડનાર પ્રખર અર્થશાસ્ત્રી અને પ્રબુદ્ધ નાણામંત્રી તરીકેની એમની કારકિર્દી આજના વામણા લઘુનેતાઓ માટે નમૂનારુપ બની શકે!

- એમના બરના સાંસદો પણ કેટલાં? સનત મહેતા જેવા અભ્યાસી રાજકારણીઓનો યુગ સમાપ્ત થઈ ગયો છે. એમની સાથે અનેક મુદ્દે અસહમતિ ધરાવતા એમના સમકાલીન ધુરંધર નેતાઓ પણ જરુર પડતી ત્યારે એમનું જ માર્ગદર્શન મેળવવા દોડી જતા હતા. આજીવન ગરીબો અને વંચિતોની ચિંતા કરનારા સનતભાઈનું નર્મદા યોજના વિષયક પ્રદાન કદાચ કોઈ પણ મુખ્યમંત્રી કરતાં વિશેષ રહ્યું છે. એમણે સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ તરીકે બજાવેલી નમૂનેદાર કામગીરી ભૂલી શકાય એમ નથી. ગરીબોના બેલી તરીકેની આજીવન ઓળખ ધરાવનારા સનત મહેતાએ સોનિયા ગાંધીનું નેતૃત્વ સ્વીકારવાનો ઈનકાર કરી શરદ પવાર સાથે વખત પૂરતો અલગ ચૉકો માંડ્યો પરંતુ એમાંથીયે ભ્રમનિરસન થતાં રાજકારણમાંથી સંન્યાસ લઈ પ્રબુદ્ધ નાગરિક તરીકે ઝઝૂમતા રહ્યા. એમણે મહાગુજરાત આંદોલનના લોકનાયક ઈંદુલાલ યાજ્ઞિકની આત્મકથાનું નવેસરથી પ્રકાશન કરાવીને એક કરવા જેવું કામ કરી બતાવ્યું. અવસાનના દિવસે પણ એમની કટાર 'દિવ્ય ભાસ્કર'ના તંત્રી પાના પર છપાયેલી મળી તે શું સૂચક નથી? આવા સંનિષ્ઠ જનનાયકના મૃત્યુથી પડેલી ખોટ કયારેય પુરાય નહીં જ પરંતુ છેલ્લા શ્વાસપર્યંત સક્રિય રહી એક સાચા અને ઉમદા લોકસેવક તરીકેનું જે ઉદાહરણ રજૂ કરતા ગયા, તેનું સ્મરણ માત્ર પ્રેરણાની પરબ સમું બની રહે, એવા લોકનાયક માટે મૃત્યુ પણ મરી ગયેલ ગણાય!

# પૈસો જોઈને પ્રેમ થાય? જવાબ મુકેશ અંબાણીનો

ગુલમોર
દિનેશ દેસાઈ



સવાલ : શું પૈસો જોઈને પ્રેમ થાય?

જવાબ : પૈસાથી પ્રેમ ખરીદી શકાતો નથી.

લેખનો આરંભ સવાલ-જવાબથી કર્યો. પરંતુ આ સિચ્યુએશન સનાતન અને દુનિયાભરની પીડા છે. કદી પ્રેમ ખરીદી શકાય નહીં. જો એવું બને તો એવા સંબંધમાં પ્રેમ હોય નહીં, એવું બને. રૂપ કરમાતું જવાનું છે, એના ભરોસે રહેવાય નહીં.



તા.૧૬ મે, ૨૦૧૩ની વાત છે. મિસ. પૂજા આઈ. ચૌહાણ નામની મેનેજમેન્ટ ગ્રેજયુએટ યુવતીએ એક સાઈટ પર લાઈફ પાર્ટનર માટે પોતાની સર્ચ અને ચોઈસ મૂકી હતી. તેને ધનિક પતિ જોઈતો હતો, એનો જવાબ રિલાયન્સ ગ્રુપ ઓફ કંપનીઝના વડા મુકેશ અંબાણીએ આપ્યો, એ ઘણો વાયરલ થયો હતો. યુવતીએ લખ્યું હતું કે, હું ૨૫ વર્ષની સુંદર અને સ્ટાઈલિશ યુવતી છું. મારો ટેસ્ટ ઊંચો છે અને વાર્ષિક ૧૦૦ કરોડ કે તેથી વધુ વાર્ષિક આવક હોય તેવા યુવાન સાથે લગ્ન કરવાની મારી ઈચ્છા છે. તમને એમ થશે કે હું ધનલાલચુ છું. પરંતુ એવું નથી. આજના સમયમાં વાર્ષિક રૂપિયા ૨ કરોડની આવકવાળા યુવાનની ગણના મધ્યમ વર્ગમાં થાય છે. મારી અપેક્ષા ઊંચી છે, એવું નથી. જેમની વાર્ષિક આવક ૫૦ કરોડ હશે, એમની સાથે પહેલા હું ડેટિંગ પણ કરીશ. આ મારી અપર-લિમિટ છે. એથી ઓછી આવકવાળાને હું પસંદ કરી શકીશ નહીં. કેમ કે જો તમે અમેરિકાના ન્યૂયોર્ક સિટી ગાર્ડન વિસ્તારમાં રહેવા માગતા હોવ તો ૫૦ કરોડની વાર્ષિક આવક પૂરતી નથી. મારે થોડા સવાલ પણ કરવા છે.

(૧) ધનિક કુંવારા હેંગ-આઉટ માટે ક્યાં જવાનું પસંદ કરે છે, તે બાર, જિમ, રેસ્ટોરન્ટ્સ વગેરે જણાવે, (૨) મારે કયા એજ-ગ્રુપના કુંવારા યુવાનોને લક્ષ્યમાં લેવા જોઈએ, (૩) શા માટે ધનવાન પુરુષોની પત્નીઓ સાવ સામાન્ય દેખાવવાળી જ હોય છે, હું એવી થોડી ઘણી યુવતીઓને મળી ચુકી છું કે જે સહેજ પણ સારા દેખાવવાળી નહોતી, આમ છતા પણ તે ધનવાન યુવાન સાથે લગ્ન કરી શકી હતી, (૪) તમે તમારી પત્ની તરીકે કોઈ યુવતીને પસંદ કરતી વખતે શું ધ્યાનમાં રાખો છો અને કોઈ યુવતીને તમારી ગર્લફ્રેન્ડ બનાવવાની પસંદગી કેવી રીતે કરો છો...

પૂજાની આ વાતનો મુકેશ અંબાણીએ ઓનલાઈન સાઈટને આપેલો જવાબ આમ છે. મેં બહુ રસથી પૂજાની પોસ્ટ વાંચી. તારા જેવા જ સવાલ ઘણી બધી યુવતીઓના મનમાં હોય છે. મારી વાર્ષિક આવક રૂપિયા ૧૦૦ કરોડથી વધારે છે, જે તારી માગણી સાથે મેચ થાય છે, એટલે કે હું અહીં સમય બગાડી રહ્યો નથી. મુખ્ય મુદ્દો તો એ કે જે વ્યક્તિ ખરો બિઝનેસમેન હોય તે તારી સાથે લગ્ન કરે તો એ તેનો ખોટો નિર્ણય હશે.

મારી આ વાતને હું વિસ્તારથી સમજાવીશ. તારી વાત પરથી સ્પષ્ટ થાય છે કે આ વાત બ્યુટીના બદલે પૈસા જેવી છે. એક વ્યક્તિ સુંદરતા આપે છે, તો બીજી વ્યક્તિ એના માટે પૈસા ચુકવે છે, એ બહુ સીધી સાદી વાત છે. પરંતુ અહીં એક જોરદાર સમસ્યા છે. તારી સુંદરતા ફૂલની જેમ કરમાઈ જવાની છે પરંતુ મારા પૈસા કોઈ વાજબી કારણ વિના ખર્ચ થવાના નથી. કહેવાનો મતલબ એ જ કે મારી આવકમાં વર્ષોવર્ષ વધારો જ થવાનો છે, પરંતુ દર વર્ષે કંઈ વધુને વધુ સુંદર થવાની નથી. એક અર્થશાસ્ત્રીની રીતે જોવામાં આવે તો મારી અસ્ક્યામતોમાં વધારો જ થવાનો છે જયારે તારી પાસે માત્ર ડેપ્રિસિએશન એસેટ છે. જેમાં ઘસારો જ થાય. માત્ર ઘસારો જ થાય એમ નહીં, બહુ ઝડપી ઘસારો થાય એવી એસેટ (રૂપ) તારી પાસે છે. ફક્ત દસ જ વર્ષમાં તારી એસેટની વેલ્યુ ખતમ થઈ જવાની છે. અથવા એમ કહેવાય કે તારી એસેટ દસ વર્ષ જ રહેવાની છે. વૉલ સ્ટ્રિટ (શેરબજાર) ની પરિભાષામાં વાત કરીએ તો દરેક ટ્રેડની એક પોઝિશન હોય છે. તારી સાથેનું ડેટિંગ પણ એક ટ્રેડિંગ પોઝિશન જ ગણાય. જયારે ટ્રેડ વેલ્યુ ઘટતી જાય ત્યારે અમે બિઝનેસમેન

અનુસંધાન પાના નં. ૭ પર

**કદી પ્રેમ ખરીદી શકાય નહીં, જો એવું બને તો એવા સંબંધમાં પ્રેમ હોય નહીં, એવું બને - રૂપ કરમાતું જવાનું છે, એના ભરોસે રહેવાય નહીં**

# ટાટ-ટેટ પરીક્ષા - મારણહાર કે તારણહાર?

અદબ-પલાઠી મોં પર આંગડી
ડો. સંતોષ દેવકર



ગઈ તા. ૩ ઓગસ્ટ ૨૦૧૪ ની ટેટની પરીક્ષા બાદ મોટાભાગના મુખ્ય છાપાઓમાં અને ટીવી મીડીયામાં આ પરીક્ષામાં ચાલતી ગેરરીતી બાબતે સમાચાર પ્રસિધ્ધ થયા હતા. પરીક્ષા ચાલુ થયાને માત્ર પાંચ કે દસ મિનિટ બાદ આખુ પ્રશ્નપત્ર માર્કેટમાં ફરતુ મળ્યું હતું. વાલીઓએ મિડીયા સમક્ષ રોષ ઠાલવ્યો હતો. અને આવી ફારસરૂપ પરીક્ષાઓ બંધ કરવી જોઈએ તેવી માંગ કરી હતી. સરકારના કહેવા મુજબ શિક્ષક બનવા માટે ટેટ, ટાટ ની પરીક્ષા આપવી ફરજીયાત છે.



આ ઓછું હોય તેમ તા. ૨૯ જુલાઈએ લેવાયેલ ટેટ-૨ની પરીક્ષામાં પ્રશ્નપત્રમાં પંદર ભૂલો હતી અને ત્યારબાદ આન્સર-કીમાં પચ્ચીસ ભૂલો નીકળી!! એવા દરેક છાપામાં સમાચાર હતા અને હવે આવતીકાલે માત્ર પીટીસી થયેલા ઉમેદવારો માટે ટેટ-૧ની પરીક્ષા છે... હે રામ...!!!

ટાટ અને ટેટ પરીક્ષા ભલે નવી હોય પરંતુ તેનું સંચાલન રાજય પરીક્ષા બોર્ડ કરે છે. રાજય પરીક્ષા બોર્ડ તેના છબરડાઓ માટે પહેલેથી જ જાણીતું છે. હશે, જે હોય તે પરંતુ રાજય પરીક્ષા બોર્ડનો વહીવટ સદંતર ખાડે ગયેલો છે. એવી તેની પાછલા વર્ષોની કામગીરી ઉપરથી કહી શકાય ! અખબાર અને મીડિયાએ આ વાતની પણ નોંધ લીધેલી.

રા.પ. બોર્ડના અધિકારીઓએ કશુ ગુમાવવાનું નથી. તેમને આ તબક્કે કોઈ નુકશાન નથી. પરંતુ જે વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે તેમના ભવિષ્ય સાથે ચેડા થાય છે. એમના ભાવિ કેરિયર સાથે પ્રશ્નાર્થ મૂકાઈ જાય છે. આ વાત રા.પ.બોર્ડના અધિકારોઓને કોણ સમજાવશે? તેમને કોણ કહેશે કે પરીક્ષા આપતો વિદ્યાર્થી એ ભારતનું ભવિષ્ય અને ઘડવૈયાઓ તૈયાર કરનારો શિક્ષક છે. તેને યોગ્ય ન્યાય મળવો જોઈએ. હવે વાત કરીએ મેરીટની.બી.એ., બી.એડ્. ના પચાસ ટકા અને ટાટની પરીક્ષાના પચાસ ટકા ગણી જે મેરીટ બને તે નોકરી મેળવવા માટે ગણતરીમાં લેવામાં આવે છે. પીટીસીના ચાલીસ ટકા અને ટેટના સાઈઠ ટકાનું મેરીટ નોકરી માટે ગણતરીમાં લેવામાં આવે છે. સરકારે વખતો વખત જાહેર કરેલા પરિપત્રો મુજબ દર પરીક્ષાએ અને દર વર્ષે આ મેરીટ ગણવાની પધ્ધતિમાં ફેરફાર થતો રહે છે. એટલું જ નહિ હજી આજે પણ મેરીટ ગણવા માટેની કોઈ કાયમી પધ્ધતિ કે રીત વિકસાવી નથી. પરિણામે વિદ્યાર્થીઓને અન્યાય થતા તેને કોર્ટના દ્વાર ખખડાવવા પડે છે. અપરિપકવતા અને અસ્પષ્ટતાને કારણે પ્રત્યેક પરીક્ષા પછી અને ભરતી પછી કોર્ટ મેટર બનતી હોય છે.

ઓ.એમ.આર. સીસ્ટમ સારી છે. જવાબ આપવામાં અને તપાસવા માટે ખૂબ જ સરળ છે. લાંબુ લખાણ લખવાનું ન હોવાથી વિદ્યાર્થીઓને પણ અનૂકુળ આવે છે. વિકલ્પ આપેલ હોવાથી ઉત્તર ન આવડતો હોવા છતાં સત્યની નજીકનો ઉત્તર કલ્પના કરીને આપી શકાય છે. દરેક વસ્તુની બે બાજુ હોય છે. તેમ આ પરીક્ષાની બીજી બાજુ પણ છે. જેમાં હનુમાનજી અને માતાજીના નામ સાથે વિકલ્પ પસંદ કરનારા બ્યાસી માર્કસ લઈ આવી ને ગામડામાં નોકરી કરતાં હોય તેવા અનેક દાખલાઓ છે. વૈકલ્પિક પ્રશ્નપત્રમાં કોઈ એક વ્યકિત સાચા જવાબો સમગ્ર કલાસની વચ્ચે બોલી જાય તો પણ ચાર મિનીટથી વધુ સમય થતો નથી. એટલે કે પરીક્ષામાં ગેરરીતી માટે વિશ્વાસપાત્ર કહી શકાય તેવી પરીક્ષા !!! (કે ફારસ?)

ટેટ, ટાટની પરીક્ષા બાદ તેની કી નેટ પર મુકવામાં આવે છે. જેથી સાચો જવાબ જાણી વિદ્યાર્થી પોતાનું મૂલ્યાંકન કરી શકે. છબરડાઓની તો પરાકાષ્ઠા ત્યારે આવે છે કે જયારે રા.પ.બોર્ડ દ્વારા મૂકવામાં આવેલ આન્સરકીમાં ખોટા જવાબો હોય છે !! પછી કેટલાક જાગૃત વિદ્યાર્થીઓ દ્વારા રૂબરૂમાં જાણ કરવામાં આવે અને સાચો જવાબ સાબિતી અને સંદર્ભ સાથે બતાવવામાં આવે ત્યારે ભૂલ સુધારવામાં આવે છે. છે ને આશ્ચર્ય ! બોર્ડે કરેલી ભૂલ એ ખરેખર ભૂલ છે તે બતાવવા જુદા જુદા સંદર્ભ પુસ્તકો લઈ જવા પડે છે, સત્ય સાબિત કરવા. હા... હા... હા...!

શિક્ષકોની ભરતી કરવાની હશે ત્યારે કરાશે ને થશે પરંતુ લાખો વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસે છે તેના કરોડો રૂપિયા સરકાર ઉસેટી લે છે. આવી પરીક્ષાઓ કરોડો રૂપિયા ભેગા કરવા માટે તો નથી ને ? વાતની મજા તો ત્યારે આવે છે કે પરીક્ષા પાસ થયા બાદ નોકરી મેળવવા જયારે ઉમેદવાર જાય છે ત્યારે જાતજાતના ને ભાતભાતના નિયમો તેની આગળ મૂકવામાં આવે છે. કાં ઉમંરમાં નિકળી જાય કાં પછી મેરીટમાં? મીયાં ઠેર ના ઠેર.

ટેટ ટાટ પરીક્ષાનું ચોકકસ માળખુ નકકી થવું જોઈએ. પરીક્ષા પૂર્વે જ નિયમો અગાઉથી ઉમેદવારને જણાવવા પડે. ઓન લાઈન તો ઠીક મારા ભાઈ, પરંતુ બુકલેટ સ્વરૂપે પણ આ કામ પાર પાડવું પડે. શિક્ષણખાતાના તજજ્ઞોને આ કાર્ય માટે જોડવા પડે. પરીક્ષાર્થીના મનની મૂંઝવણો અને પ્રશ્નોની સ્પષ્ટતા કરવી એ કોઈપણ પરીક્ષા લેનાર બોર્ડની જવાબદારી છે. માર્ગદર્શક અને પરામર્શક ટીમ તૈયાર કરવી પડે. ચોકકસ ધોરણોને લઈને પ્રશ્નપત્રની બ્લ્યુપ્રિન્ટ તૈયાર કરવી પડે અને માર્કસનું વેઈટેજ મુજબ જ પ્રશ્નપત્ર નિકળે. તેની કાળજી રાખવી પડે.

હેલ્પલાઈન નંબરમાં પરીક્ષાર્થીના તમામ પ્રશ્નોના જવાબ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી અંત્યત જરુરી છે. જરૂર પડે પરીક્ષાનું સ્વરૂપ બદલવું પરીક્ષાને લગતી મૂંઝવતી સમસ્યાનું સમાધાન મળવું જોઈએ. માત્ર ગતિશીલ બોલવા માત્રથી કે લખવા માત્રથી બધુ ગતિશીલ થઈ જતુ નથી.

પરીક્ષા લેનાર બોર્ડે વિદ્યાર્થીઓનુ હિત જોવું જોઈએ. અને એ રીતે પરીક્ષા ગોઠવવી જોઈએ. આજે દરેક વિદ્યાર્થીને પરીક્ષા બોર્ડ વિલન હોય તેમ લાગે છે. એકસો પચાસ માર્કસના પ્રશ્નપત્રમાં પાસ થયેથી વિદ્યાર્થી ઉતમ શિક્ષક બની જશે આ ધારણા કેટલી સાચી છે. એ તો સમય જ બતાવશે. યુનિવ'સટીમાંથી લીધેલ સ્નાતકની કે અનુસ્નાતકની ડીગ્રી અને તાલીમી સ્નાતકની ડીગ્રી સામે ટેટ ટાટની પરીક્ષા ચેલેન્જ બને છે ? એમ. એ., બી.એડ. એ અપૂરતો કે અધૂરો શિક્ષક છે એમ સાબિત થાય છે. તે ટેટ ટાટ આપે, તેમાં પાસ થાય પછીજ તે પૂર્ણ શિક્ષક બની શકે.

શું વિદ્યાર્થીઓના હિતમાં બોર્ડ ફોર્મ ભરવાથી માંડીને સમગ્ર પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવાની દાનત ધરાવે છે ખરું?

***સુનાહે દીવારોં કો કાન હોતે હૈ, યહાં તો કાન કો દીવારેં હૈ...***

**મિસરી**

એક પ્રયોગ પ્રાથમિક શાળામાં ધોરણ ૫
પાંચમાં ધોરણના વિદ્યાર્થીને ટેટ-૧ નું પેપર
અમસ્તુ આપવામાં આવતાં
ગેસીંગ કરીને તે વિદ્યાર્થી ૮૦ પ્રશ્નોના
સાચા જવાબો આપી શકયો !!!

***(SMS : મ. શિ. ધર્મેન્દ્ર ત્રિવેદી, નાથાવાસ, મેઘરજ)***

# સિવણકારના માહેર મહાત્મા : એક ઓળખ તેમના દરજીકામની

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની





વર્તમાન ગુજરાતમાં અનામત આંદોલન શરુ થયું છે. ગુજરાતની એક સંખ્યાની દૃષ્ટિએ બહુ મોટી ગણાતી 'પાટીદાર જ્ઞાતિ' એ અનામતની માગણી કરીને રાજયના વિવિધ વિસ્તારોમાં અનામત આંદોલન વેગવાન બની રહ્યું છે. પાટીદારોની માગણી અન્ય પછાત વર્ગોમાં તેમને પણ સામેલ કરવા જોઈએ તે અર્થેની છે. આ આંદોલન સંદર્ભમાં જયારે અન્ય પછાત વર્ગોની અંદર સમાવિષ્ટ જ્ઞાતિની વાત સામાજિક દૃષ્ટિકોણથી વિચારવામાં આવે તો આ તમામ જ્ઞાતિઓ પરંપરાગત સેવા/વ્યવસાય સાથે સંકળાયેલી જ્ઞાતિ છે. મહાત્મા ગાંધી એ તેમના જીવનકાળ દરમિયાન વખતોવખત વિવિધ સેવા-વ્યવસાય સાથે સંકળાયેલી જ્ઞાતિના જન તરીકે જુદા જુદા કાર્યો કર્યા હતા. આ દૃષ્ટિએ ગાંધીની વિવિધ સેવા જ્ઞાતિજન તરીકેની ભૂમિકા લેખમાં રજૂ કરવામાં આવી છે.

ગાંધીએ જીવનના જુદા જુદા તબક્કે દરજી, ધોબી, વાળંદ, ભંગી, મોચી, વણકર, નોકર, રસોઈયા, દાકતર, નર્સ, કાંતનાર, વાણિયા, ખેડૂત, ભિખારી, સેનાપતિ, લેખક, પત્રકાર, ફેશન સર્જક, મદારી, પુરોહિત, શિક્ષક તરીકે ભૂમિકા ભજવણી કરી હતી. આ પૈકી બક્ષીપંચની જ્ઞાતિ તરીકે સમાવિષ્ટ વિવિધ જ્ઞાતિના જન તરીકે ગાંધીએ કેવા વ્યવસાયો કે સેવા કરી હતી. તેનું આકલન આ લેખમાં જ્ઞાતિ અનુસાર નીચે મુજબ છે :

● દરજી : આફ્રિકામાં ગાંધીજીને બે વખત સખત મજૂરીની સજા થઈ હતી. થોડાં અઠવાડિયાં સુધી તેમને કામળાના ફાટેલા ટુકડા સાંધવાનું અને જાડા કાપડમાંથી ખમીસનાં ગજવાં વેતરવાનું કામ કરવું પડ્યું હતું. પણ રોજના નવ-નવ કલાક સુધી કરવું પડતું આ મજૂરીનું કામ તેમણે હોંશે હોંશે કંઈક નવું શીખવા મળે છે એમ માનીને સ્વીકારી લીધું અને જેલ અધિકારી દ્વારા તેમને સોંપાયેલું કામ ઝડપભેર પુરું કરીને બીજા ટુકડા સાંધવાનું દરજી કામ માગી લેતા.

**જેલવાસ દરમિયાન સંચો ચલાવીને 'દરજી કામ'માં પારવધા બનેલા સમાજને જોડનાર ગાંધીએ તો આશ્રમની બહેનને લખ્યું હતું કે, 'તમારા કપડાં-સુરવાળ અને ખમીસ-સિવડાવવા વિશે તમે ચિંતા કરશો નહીં, જે કંઈ સીવવા કરવાનું હશે તે હું સીવી દઈશ**

એક વખતની સખત મજૂરીની સજામાંથી પણ ગાંધીજી સજાને ગમતાના ગુલાલની જેમ સ્વીકારી લેતા અને સજામાં શીખેલું કામ જીવનના સ્વેચ્છા કામ તરીકે જોડી દેતા હતા. હિંદમાં જયારે જેલની સજા થઈ ત્યારે તેમણે સિંગરનો સીવવાનો સંચો ચલાવવાનું કામ શીખી લીધું. મૂડીદારો જે મોટા યંત્રો રાખે છે તે માણસને ગુલામ બનાવી મૂકે છે, અને કારીગરોને બેકાર બનાવે છે એમ સ્પષ્ટ માનતા હતા. માનવીના આવશ્યક શ્રમનું સ્થાન યંત્રોએ પચાવી પાડવા દેવું જોઈએ નહીં એમ વખતોવખત કહી ચૂકેલા અને લખી ચૂકેલા ગાંધીએ હિંદના કરોડો લોકોએ ફૂરસદનો સમય કઈ રીતે કાઢવો એ નહીં બલ્કે તેમનો બેકારીનો સમય કંઈ રીતે કામમાં કાઢવો અને ધ્યાનમાં લેતો સિંગરના સિવણ સંચાને ઉપયોગમાં લીધો હતો. સિંગરના સિવણ સંચાને યંત્ર હોવા છતાં એક અપવાદ તરીકે લેખાવતા તેમણે કહ્યું હતું : 'એ અતિશય ઉપકારક વસ્તઓમાંથી એક છે.'

જેલવાસ દરમિયાન સંચો ચલાવીને 'દરજી કામ'માં પારવધા બનેલા સમાજને જોડનાર ગાંધીએ તો આશ્રમની બહેનને લખ્યું હતું કે, 'તમારા કપડાં-સુરવાળ અને ખમીસ-સિવડાવવા વિશે તમે ચિંતા કરશો નહીં. જે કંઈ સીવવા કરવાનું હશે તે હું સીવી દઈશ. પોતાના સીવણકામ માટે અભિમાન લઈ શકે તેવું હતું. તેઓ કસ્તુરબા માટે કબજો વેતરીને સીવી શકતા.'

રેંટીયા પર સૂતર કાંતતા ગાંધી તેને હાથશાળ પર વણી લેતા અને પોતાનું પહેરણ જાતે સીવી લેતા હતા.

જયારથી ગાંધીજીએ પહેરણ છોડી દીધું અને કચ્છ તથા ઉપરણું ઓઢવાનું રાખ્યું તે વખતે પણ તેઓ હાથરૂમાલ, નેપકીન કે કચ્છની કોર જાતે ઓટી લેતા. સિવણકામમાં તેઓ જયારે ગૂંથાયેલા હોય ત્યારે તેઓ એ કામ જ મહત્ત્વનું ગણતા. કોઈને પત્રના જવાબો આપવાના હોય કે લખવાનું હોય તો સીવતા સીવતા જ મંત્રી પાસે પત્ર લખાવતા.

તેઓ આગાખાન મહેલમાં અટકાયત હેઠળ હતા ત્યારે તેમણે જેલના સુપ્રિન્ટેન્ડેન્ટને જન્મદિવસની ભેટમાં ખાદીના હાથરૂમાલ આપ્યા હતા. દરેક હાથરૂમાલ પર જેલ સુપ્રિન્ટેન્ટેન્ડેન્ટનું મિતાક્ષરી નામ સુંદર રીતે ભરેલું હતું. આ ભરતકામ કરનાર ગાંધીજીની ઉંમર એ વખતે ચુંમોત્તેર વરસની હતી!

ગાંધીજીની એક મનગમતી શાલમાં કાણાં પડી ગયા હતા તેમ છતાં તેમણે એ શાલને થીંગડા મરાવીને વાપરી હતી. એ થીંગડાવાળી શાલ ઓઢીને જ તેઓ ગોળમેજી પરિષદમાં બ્રિટનના વડાપ્રધાન સાથે બેઠા હતા અને બ્રિટનના રાણીએ યોજેલા ચા-પાણીના સમારંભમાં પણ એ શાલ ઓઢીને જ ગયા હતા. ખોટાં દેખાવની કદી તેમણે પરવા કરી ન હતી પરંતુ મેલાંઘેલાં તથા ફાટેલાં કપડાં તેમણે ગમતાં ન હતાં. એક સભામાં એક સાથી કાર્યકરે ઓઢેલા ખાદીના ઉપરણામાં તેમણે કાણું જોયું. આ જોઈ તેમને તરત જ તેમણે આ પ્રમાણે લખી મોકલ્યું : 'ફાટેલાં કપડાં પહેરવા એ આળસની નિશાની છે. અને તેથી કરીને શરમની નિશાની છે. પરંતુ થીંગડાવાળા કપડાં પહેરવા એ ગરીબી ત્યાગ અને મહેનતની નિશાની છે. તમારું ઉપરણ ફાટેલું છે એ મને ન ગમ્યું.'

સેવા વ્યવસાયી જ્ઞાતિજનની ગાંધીજીની વધુ ઓળખ આવતા અંકમાં જોઈશું.

વિશેષ વાંચન અર્થે પુસ્તક : બહુરુપી ગાંધી, લેખક-બંધોપાધ્યાય - અનુવાદ - જિતેન્દ્ર દેસાઈ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે)**